માહિતી (મેળવવાનો) અધિકાર

અધિનિયમ - ૨૦૦૫ ની કલમ ૪ (૧) અન્વયે

: પ્રોએકટીવ ડિસ્કલોઝર :

# સુરત સિટિલિંક લિ.

(સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૦૦% અનુદાનથી સંચાલિત કંપની એકટ, ૧૯૫૬ એકટ હેઠળ સ્થાપના કરવામાં આવેલ એકમ)

-: રજીસ્ટર્ડ ઓફિસ :-

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન,

મહાનગર સેવા સદન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,

મુગલીસરા, સુરત.

વેબસાઇટ: www.suratsitilink.org

**સુરત સિટિલિંક લિ.**

| ક્રમ | પ્રકરણ નં. | પ્રકરણની વિગત | પાનાં નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો | ૪ થી ૧૧ |
| ૨ | ૨ | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો | ૧૨ |
| 3 | 3 | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધિતિ | ૧૩ |
| ૪ | ૪ અને ૫ | કાર્યો બજાવવા નકકી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, સંગ્રહ, દફતરો | ૧૪ |
| ૫ | ૬ | સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક | ૧૫ |
| ૬ | ૭ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં જનતાના સભ્યો સાથે પરામર્શ | ૧૬ |
| ૭ | ૮ | વ્યવસ્થા તંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબત | ૧૭ |
| ૮ | ૯ અને ૧૦ | અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા અને તેમને વિનયોમાં જોગવાઈ કર્યા પ્રમાણે મળતું માસિક વળતર | ૧૮ થી ૧૯ |
| ૯ | ૧૧ | વ્યવસ્થાતંત્રને ફાળવેલ અંદાજપત્ર | ૨૦ |
| ૧૦ | ૧૨ અને ૧૩ | આર્થિક સહાય બાબત, આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો | ૨૧ |
| ૧૧ | ૧૪ અને ૧૫ | ઈલેક્ટ્રોનિક સ્વરૂપે માહિતી, ગ્રંથાલય, વાંચનાલય | ૨૨ |
| ૧૨ | ૧૬ | જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દા, ફોન | ૨૩ |
| ૧૩ | ૧૭ | માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો | ૨૪ |

# સુરત સિટિલિંક લિ.

**પ્રસ્તાવના :**

ભારત સરકારે રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ-૨૦૦૫ (માહિતી મેળવવાનો અધિકાર-૨૦૦૫) પસાર કરેલ છે.જે અનુસંધાને પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તા મંડળના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવો હેતુ ઉપરોક્ત કાયદાનો રહેલ છે. આ પુસ્તિકાનો ઉદ્દેશ લોકશાહીમાં નાગરિકોને આ કચેરી દ્વારા થતી કામગીરી તેમજ તેઓને જરૂરી માહિતી સરળતાથી પ્રાપ્ત થાય તેમજ આ વિભાગ દ્વારા કઈ-કઈ અને કેવા પ્રકારની કામગીરી થાય છે તે જણાવવાનો છે. આ પુસ્તિકા તમામ વ્યક્તિઓ, સરકારી / ખાનગી સંસ્થાઓને આ કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરી અધિકારીઓ કર્મચારીઓની સત્તા, ફરજો વિગેરે માહિતી માટે ઉપયોગી થશે. લોકશાહીમાં નાગરીકોને સરકારી કામકાજથી માહિતગાર રાખવા અને તેની કામગીરીની પારદર્શિતા માટે જરૂરી છે તથા ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખવા તેમજ સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે પણ જરૂરી છે.

માહિતી એટલે રેકર્ડ, દસ્તાવેજો, મેમો, ઈ-મેઈલ, અભિપ્રાયો, સલાહ, અખબારી યાદી, પરિપત્રો, હુકમો, લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમૂના, મોડલ્સ, કોઈ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં માહિતી સામગ્રી અને જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ કોઈ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઈ ખાનગી મંડળને લગતી માહિતી સહિતની કોઈપણ સ્વરૂપમાં કોઈપણ સામગ્રી.

# સુરત સિટિલિંક લિ.

## ૧. વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો :

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બી.આર.ટી.એસ. પ્રોજેક્ટના સંચાલન અર્થે "Special Purpose Vehicle" તરીકે ભારતીય કંપનીઝ એક્ટ-૧૯૫૬ હેઠળ સુરત સિટિલિંક લિ.ની સ્થાપના કરવામાં આવેલ છે. આ કંપની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૦૦% હિસ્સેદારી ધરાવતું ઉપક્રમ છે. બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ અંતર્ગત શહેરીજનોની વાહનવ્યવહારની ઉપયોગિતા સરળ, પ્રદૂષણરહિત, ઝડપી, આધુનિક બનાવવાની તેમજ મુસાફરી દર, સ્ટેશનની તેમજ બસની સુવિધા, પબ્લિક ઈન્ફોર્મેશન સિસ્ટમ વ્યવસ્થાને લગતી કામગીરી કરવામાં આવે છે

- **સુરત બી.આર.ટી.એસ. પ્રોજેક્ટને મળેલ એવોર્ડની વિગતો નીચે મુજબ છે:**

| Sr. No. | GOI/REPUTED AGENCY/NGO | Name of Award | Category | Year | Description of Awards |
|---|---|---|---|---|---|
| 1 | Ministry of Housing & Urban Affair, GOI | Indian Smart Cities Award | Urban Mobility | 2021 | Project Award for "Dynamic Scheduling of Buses" under Urban Mobility Theme under Indian Smart Cities Award Contest by Mohua,GOI |
| 2 | Ministry of Housing & Urban Affair, GOI | Indian Smart Cities Award | Mobility & Transportation | 2020 | Project Award for "One City One Card Digitalization for cashless travel by Integration of Automatic Fare Collection System with Surat Money Card under "Mobility & Transportation" category by Mohua, GOI |
| 3 | Ministry of Housing & Urban Affair, GOI | Award of Commendable Initiative | Innovations in Urban Transport | 2020 | Commendable initiative Award under category "Innovations in Urban Transport during Covid-19" at Urban Mobility India Conference by Mohua,GOI |
| 4 | HUDCO | Award of Excellence | Urban Transport | 2020 | HUDCO Award for Best Practices To Improve the Living Environment under Urban Transport Theme |
| 5 | Ministry of Housing & Urban Affair, GOI | Award of Commendable Initiative | Best City Bus Service | 2019 | Commendable initiative Award for Surat City bus services under Surat City bus services Project category of Urban Mobility India Conference Mohua, GOI |
| 6 | Smart Cities Council India | Smart Project Award | Smart Transportation | 2019 | Smart Project Award for Automatic Fare Collection System (AFCS) under Smart Transportation category. |
| 7 | Ministry of Housing & Urban Affais,GOI | Award of Excellence | Best Urban Mass Transit | 2018 | Project Award for Urban Mass Transit System under Mass Transit Project category of Urban Mobility India Conference by MoHUA,GOI |
| 8 | Ministry of | Award of | Best | 2018 | Project Award for Surat ITS system |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | Housing & Urban Affais,GOI | Excellence | Intelligent Transport System | | under Best Intelligent Transport System Project category of Urban Mobility India Conference by MoHUA,GOI |
| 9 | Ministry of Housing & Urban Affais,GOI | Indian Smart Cities Award | Transport & Mobility | 2018 | Project Award for ITMS under 'Transport and Mobility ' Category of india Smart Cities Award 2018 by MoHUA,GOI |
| 10 | Smart Cities Council India | Smart Project Award | Smart Transporta tion | 2018 | Smart Project Awards for (i) SMAC Centre and (ii) ITMS Projects under Smart Trasportation category by Smart City Council of India. |
| 11 | Ministry of Housing & Urban Affais,GOI | Award of Excellence | Best City Bus Service | 2017 | Surat city Bus service under Best City Bus Service category at Urban Mobility India Conference. |
| 12 | United Nations | Sustainable Cities and Human Settlements Award | Global Model for Green Mobility | 2017 | Sustainable Cities and Human Settlements Award (SCAHSA) under the category Global Model for Green Mobility by Global forum on Human Settlements by United Nations |
| 13 | Ministry of Housing & Urban Affais,GOI | Award of Excellence | Best Urban Mass Transit | 2016 | Best Urban Mass Transit Project award for its Integrated Mass Transit system at Urban Mobility India Conference by MoHUA,GOI |

Surat's public transport initiatives are primarily driven by the Urban Local Body, Surat Municipal Corporation (SMC), with significant funding sourced from the city budget.

Surat's innovations include:

1. Sitilink: A Unique Company Managing Three Sub-Systems
2. Only City with Physical and Fare Integration Across Public Transport Sub-Systems
3. 98% Area Coverage by Surat's Public Transport
4. First City to Introduce Midi Buses for BRTS and City Bus Services, Meeting Frequency Requirements
5. Unlimited Day Travel Pass Scheme at Rs. 30

સુરત મહાનગરપાલિકા દ્વારા સૌપ્રથમ તા.૨૬/૦૧/૨૦૧૪ ના રોજ BRTS બસ સેવા ઉધના દરવાજા – સચિન GIDC વચ્ચે ૧૨ કિમીના રૂટ ઉપર શરૂ કરવામાં આવેલ. જે હાલમાં ભારતના સૌથી લાંબા કુલ-૧૦૮ કિમીના BRTS કોરીડોરમાં કુલ-૧૩ રૂટ ઉપર BRTS બસ સેવા કાર્યરત છે. ૨૫/૧૧/૨૦૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં સીટીબસ સેવા શરૂ કરવામાં આવેલ. જેમાં હાલમાં કુલ ૪૩ સીટીબસ રૂટ છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટીબસ સેવા કાર્યરત છે. જેમાં હાલમાં કોવીડ-૧૯ બાદ દરરોજ ૨.૫૦ લાખથી વધુ મુસાફરો મુસાફરી કરી રહેલ છે.

• બી.આર.ટી.એસ સેવા હાલમાં કુલ નીચે મુજબના <u>૧૩ રૂટોમાં કાર્યરત છે.</u>

| બી.આર.ટી.એસ બસ સેવામાં સામેલ રુટ ની માહિતી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | બસ સેવા | રૂટ નં | રૂટનું નામ | ફાળવેલ બસ |
| 1 | બી.આર.ટી.એસ | 11 | ઉધના-સચિન જી.આઈ.ડી.સી | 15 |
| 2 | બી.આર.ટી.એસ | 12 | ઓએનજીસી-સરથાણા નેચર પાર્ક | 35 |
| 3 | બી.આર.ટી.એસ | 13 | જહાંગીરપુરા કોમ્યુનિટી હૉલ-કડોદરા | 31 |
| 4 | બી.આર.ટી.એસ | 14 | ઓએનજીસી કોલોની -કોસાડ ઇ.ડબ્લ્યુ.એસ એચ-૨ | 34 |
|  | બી.આર.ટી.એસ | 15AC | અલથાણ ડેપો ટર્મિનલ- અલથાણ ડેપો ટર્મિનલ (ઍન્ટિકલોકવાઇઝ) | 21 |
| 5 | બી.આર.ટી.એસ | 15C | અલથાણ ડેપો- અલથાણ ડેપો (કલોકવાઇઝ) | 21 |
| 6 | બી.આર.ટી.એસ | 16 | કોસાડ ડેપો-સચિન જી.આઈ.ડી.સી | 35 |
| 7 | બી.આર.ટી.એસ | 17A | કામરેજ ટર્મિનલ-પાલ આર.ટી.ઓ | 34 |
| 8 | બી.આર.ટી.એસ | 18 | રેલ્વે સ્ટેશન-ઉતરાણ આર.રો.બી | 4 |
| 9 | બી.આર.ટી.એસ | 19 | રેલ્વે સ્ટેશન-કડોદરા | 15 |
| 19 | બી.આર.ટી.એસ | 20 | ખરવરનગર-કોસાડ | 12 |
| 11 | બી.આર.ટી.એસ | 21 | જહાંગીરપુરા કોમ્યુનિટી હૉલ - અલથાણ ડેપો ટર્મિનલ | 37 |
| 12 | બી.આર.ટી.એસ | 22 | કોસાડ ઈ.ડબલ્યુ.એસ એચ-૨ -સરથાણા નેચર પાર્ક | 10 |
| 13 | બી.આર.ટી.એસ | 23 | કામરેજ ટર્મિનલ - સચિન રેલ્વે સ્ટેશન | 48 |
| કુલ | | | | 352 |

• સીટીબસની સેવા હાલમાં કુલ નીચે મુજબના **૪૫ રૂટોમાં કાર્યરત છે.**

| સીટીબસ સેવામાં સામેલ રૂટ ની માહિતી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | બસ સેવા | રૂટ નં | રૂટનું નામ | ફાળવેલ બસ |
| 1 | સીટીબસ | 1 | અડાજણ જી.એસ.આર.ટી.સી લૂપ (ક્લોકવાઈઝ) | 7 |
| 2 | સીટીબસ | 2 | અડાજણ જી.એસ.આર.ટી.સી (એન્ટિ-ક્લોકવાઈઝ) | 8 |
| 3 | સીટીબસ | 102R | રેલ્વે સ્ટેશન-મોટી વેડ (વાયા રીંગ રોડ) | 4 |
| | સીટીબસ | 103K | કઠોર ગામ-રેલ્વે સ્ટેશન | 2 |
| | સીટીબસ | 103S | શેખપુર ગામ-રેલ્વે સ્ટેશન (પૂર્વ) | 6 |
| 4 | સીટીબસ | 103V | રેલ્વે સ્ટેશન(પૂર્વ)-વેલંજા ગામ | 5 |
| 5 | સીટીબસ | 104 | રેલ્વે સ્ટેશન- સણીયા કણદે | 12 |
| 6 | સીટીબસ | 105 | રેલ્વે સ્ટેશન-ચીકુવાડી | 14 |
| 7 | સીટીબસ | 106R | અભવા ગામ-રેલ્વે સ્ટેશન (વાયા રીંગ રોડ) | 13 |
| | સીટીબસ | 107J | રેલ્વે સ્ટેશન-વિવેકાનંદ કોલેજ (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 19 |
| 8 | સીટીબસ | 107 JP | રેલ્વે સ્ટેશન-વિવેકાનંદ કોલેજ (વાયા પાલ ગામ) | 2 |
| 9 | સીટીબસ | 112 | રેલ્વે સ્ટેશન-કોસાડ ગામ | 13 |
| | સીટીબસ | 116BR | રેલ્વે સ્ટેશન-ખજોદ ગામ (વાયા ભીમરાડ ગામ) | 5 |
| 10 | સીટીબસ | 116R | રેલ્વે સ્ટેશન-ખજોદ ગામ (વાયા રીંગ રોડ) | 5 |
| | સીટીબસ | 117 | રેલ્વે સ્ટેશન-સુમન જ્યોત ઈ.ડબલ્યુ.એસ | 10 |
| 11 | સીટીબસ | 117P | રેલ્વે સ્ટેશન-સુમન જ્યોત (વાયા પાલનપુર ડેપો) | 2 |
| 12 | સીટીબસ | 118 | રેલ્વે સ્ટેશન-સાયણ રેલ્વે સ્ટેશન | 7 |
| 13 | સીટીબસ | 126R | વી.એન.એસ.જી યુનિવર્સિટી-રેલ્વે સ્ટેશન | 4 |
| 14 | સીટીબસ | 127J | રેલ્વે સ્ટેશન-રાંદેર ગામ(વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 2 |
| 15 | સીટીબસ | 136 | એરપોર્ટથી રેલ્વે સ્ટેશન | 12 |
| 16 | સીટીબસ | 137J | વરિયાવ ગામથી રેલ્વે સ્ટેશન (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 9 |
| 17 | સીટીબસ | 146 | રેલ્વે સ્ટેશન ટર્મિનલ- ગેઈલ ઈન્ડિયા લિમિટેડ વીઆઈપી રોડ | 5 |
| 18 | સીટીબસ | 147J | રેલ્વે સ્ટેશન-ગ્રીનસિટી ભાઠા (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 4 |
| 19 | સીટીબસ | 153R | ઉમરા ગામ-કાપોદ્રા (વાયા રીંગ રોડ) | 6 |
| 20 | સીટીબસ | 202J | ચોક ટર્મિનલ-અખંડ આનંદ સોસાયટી (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 7 |
| 21 | સીટીબસ | 204 | ચોક ટર્મિનલ-રાજ અમ્પાયર ગોડાદરા | 6 |
| | સીટીબસ | 205K | ચોક ટર્મિનલ-લાજપોર જેલ | 13 |
| 22 | સીટીબસ | 205S | ચોક ટર્મિનલ-સચિન રેલ્વે સ્ટેશન | 1 |
| 23 | સીટીબસ | 206 | ચોક ટર્મિનલ-સીકે પીઠાવાલા એન્જી.કોલેજ | 3 |

| | | | | |
|---|---|---|---|---|
| 24 | સીટીબસ | 207E | ચોક ટર્મિનલ-વૈષ્ણોદેવી સ્કાય | 2 |
| 25 | સીટીબસ | 209J | ડભોલી ગામ-ડિંડોલી (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 7 |
| 26 | સીટીબસ | 212J | ચોક ટર્મિનલ- વરિયાવ ગામ (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 11 |
| 27 | સીટીબસ | 213 | ડભોલી ગામ-સરથાણા નેચર પાર્ક | 7 |
| | સીટીબસ | 217 | મક્કાઈ પૂલ-ભેંસાણ ગામ | 1 |
| 28 | સીટીબસ | 217M | મક્કાઈ પૂલ- ભેંસાણ ગામ (વાયા મોરાભાગળ ) | 1 |
| | સીટીબસ | 216B | ચોક ટર્મિનલ-ભીમપોર | 4 |
| 29 | સીટીબસ | 216K | ચોક ટર્મિનલ-કાદી ફળિયા ડુમસ | 5 |
| 30 | સીટીબસ | 226J | કોસાડ ગામ-વી.એન.એસ.જી યુનિવર્સિટી (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) | 7 |
| 31 | સીટીબસ | 254 | કતારગામ-લિંબાયત | 14 |
| | સીટીબસ | 302 | ખરવરનગર-ડભોલી | 1 |
| 32 | સીટીબસ | 302V | ખરવરનગર-વેડ ગામ | 1 |
| 33 | સીટીબસ | 305 | ખરવરનગર-ઉન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ | 7 |
| | સીટીબસ | 315 | ખરવરનગર- ભેસ્તાન ગાર્ડન | 3 |
| | સીટીબસ | 315B | ખરવરનગર- ભેસ્તાન ગાર્ડન (વાયા બમરોલી) | 1 |
| 34 | સીટીબસ | 315G | ખરવરનગર-ભેસ્તાન ગાર્ડન (વાયા ગોવાલક) | 1 |
| 35 | સીટીબસ | 402 | પર્વત પાટિયા-માનસરોવર સર્કલ | 9 |
| 36 | સીટીબસ | 403 | એસ.એમ.સી વોર્ડ ઓફિસ લિંબાયત-સંકલ્પ રેસીડેન્સી | 11 |
| | સીટીબસ | 410A | ઉતરાણ સ્ટેશન-ઉતરાણ સ્ટેશન (એન્ટિ-ક્લોકવાઈઝ) | 5 |
| 37 | સીટીબસ | 410C | ઉતરાણ સ્ટેશન-ઉતરાણ સ્ટેશન (ક્લોકવાઈઝ) | 5 |
| 38 | સીટીબસ | 413 | નીલગીરી સર્કલ લિંબાયત-સરથાણા નેચરપાર્ક | 2 |
| | સીટીબસ | 504 | અમેઝિયા એમ્યુઝમેન્ટ પાર્ક-ભેસ્તાન ગાર્ડન | 3 |
| 39 | સીટીબસ | 504S | અમેઝિયા એમ્યુઝમેન્ટ પાર્ક - ભેસ્તાન (વાયા સુમન કેશવ) | 1 |
| | સીટીબસ | 505C | ચીકુવાડી-બુડિયા ગામ | 2 |
| 40 | સીટીબસ | 505 | મિલન પોઈન્ટ-બુડિયા ગામ | 1 |
| | સીટીબસ | 506 | ડીંડોલી-વી.એન.એસ.જી યુનિવર્સિટી | 3 |
| 41 | સીટીબસ | 506D | દેલાડવા ગામ-વેસુ ગામ | 1 |
| 42 | સીટીબસ | 658 | અડાજણ જી.એસ.આ.ટી.સી -ઇચ્છાપોર | 1 |
| 43 | સીટીબસ | 706 | ઇસ્કોન સર્કલ-વી.એન.એસ.જી યુનિવર્સિટી | 10 |
| 44 | સીટીબસ | 716 | ગેલ કોલોની વેસુ-જહાંગીરપુરા | 10 |
| 45 | સીટીબસ | 903 | પાસોદરા-બાલાજી ચોક | 5 |
| | | | કુલ | 348 |

શ્રી શાલિની શિવકુમાર અગ્રવાલ
ચેરમેનશ્રી

શ્રી રાજેન્દ્ર બકુલભાઇ પટેલ
ડાયરેક્ટર

શ્રી સોમનાથભાઈ રઘુનાથમરાઠે
ડાયરેક્ટર

શ્રી આર.બી.ભોગાયતા
મેનેજિંગ ડાયરેક્ટર

શ્રી કમલેશભાઈ ભિખુભાઇ નાઇક
ડાયરેક્ટર


શ્રી સ્વાતિ પરેશભાઇ દેસાઈ.
ડાયરેક્ટર

શ્રી ધર્મેશકુમાર ચંપકલાલ ભગવાકર
ડાયરેક્ટર

## સુરત સિટિલિંક લિમિટેડ

| અધિકારીઓના નામ | ઓફિસ | મોબાઈલ નંબર |
|---|---|---|
| શ્રી પ્રવિણભાઈ રગુબીર પ્રસાદ GM(O&A) | - | ૯૭૨૭૪૩૪૫૪૯૩ |

# સુરત સિટિલિંક લિ.નું વહીવટી માળખુ



# વહીવટી શાખા

સુરત સિટિલિંક લિ. ની વહીવટી ઓફિસ નં.૯૫,૯૬ નીચે મુજબની કામગીરીનું સંચાલન થાય છે.
તમામ કામકાજના દિવસોએ સવારે ૧૦:૩૦ થી ૬:૧૦ સુધી ઓફિસ ચાલુ રહે છે.

સુરત સિટિલિંક લિ. વિભાગમાં ચેરમેનશ્રી તેમજ મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની સીધી દેખરેખ હેઠળ જનરલ મેનેજરશ્રી ફરજ બજાવે છે અને જનરલ મેનેજરશ્રીના તાબા હેઠળ ડે. જનરલ મેનેજર (એડમીન એન્ડ ફાઇનાન્સ),ડે. જનરલ મેનેજર (ઓપરેશન) ફરજ બજાવે છે. ડે. જનરલ મેનેજર (એડમીન એન્ડ ફાઇનાન્સ) અને ડે. મેનેજર (ઓપરેશન)શ્રીના તાબા હેઠળ આસી. મેનેજર,સીની. ક્લાર્ક,જૂની. ક્લાર્ક,જુ. કોમ્પ્યુટર ઓપરેટર તથા પટાવાળા ફરજ બજાવે છે.

બીઆરટીએસ શહેરના ગરીબ,મધ્યમ તેમજ આર્થિક રીતે સદ્ધર તમામ વર્ગો માટે મુસાફરી માટે ઉત્તમ માધ્યમ બની ગયેલ છે. પરિવહન સુરક્ષા માટે સુરત સિટિલિંક લિ.નીચે મુજબની સુવિધાઓ સાથે ઉપલબ્ધ છે.

(૧) અલાયદી બસ લાઈન અને રૂટ ડિઝાઈન :

મુસાફરી સુરક્ષિત બનાવવા અને નિયત સ્થળે ઝડપી પહોંચવા માટે બી. આર. ટી. એસ. ના નિયમાનુસાર આ માર્ગ ઉપર અલાયદી બસ લાઇન બનાવેલ છે જેમાં માત્ર જાહેરપરિવહનની બસ દોડે છે. આ પ્રકારના સ્ટ્રક્ચર માટે મીક્ષ ટ્રાફિકની જગ્યા કપાઈ ન જાય તેવી રીતે આજુબાજુ ના દબાણ હટાવી તેમજ કાચો ભાગ પાકો બનાવી રોડ બનાવવામાં આવ્યો છે. સુરક્ષા હેતુસર પોલીસ કમિશનરશ્રીના આદેશ અનુસાર આ ડેડીકેટેડ રૂટમાં અન્ય કોઈ પણ વાહનનો પ્રવેશ ગુન્હો બને છે.

(૨) બસ :

સિટિલિંક (બી. આર. ટી. એસ. અને સીટી) બસમાં ૩૬/૨૪ વ્યક્તિઓ માટે બેઠક વ્યવસ્થા અને ૨૩/૧૮ વ્યક્તિઓ ઉભા રહી સફર કરી શકે છે. સિટિલિંક (બી. આર. ટી. એસ. અને સીટી) ની બસ સેવાઓ સવારના ૬.૦૦ થી રાત્રિના ૧૦.૦૦ તથા લંબાવેલ કલાક સવારના ૪.૦૦ થી રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી પુરી પાડવામાં આવે છે. બસની ફ્લોર હાઇટ પણ સ્ટેશનને સમાંતર રાખવામાં આવેલ છે. બસની ડિઝાઇન બંને સાઈડ સેન્ટરમાં મોટા દરવાજા સરળતાપુર્વક આવનજાવન કરવા માટે આપવામાં આવેલા છે. આ ઉપરાંત બસની લંબાઈ પણ ૧૨/૯ મીટર સાથેની ડિઝાઇન ખુબજ સુવિધાજનક હોઇ ભારતીય બસ કોડમાં પણ સમાવેશ પામેલ છે.

(૩) બસ સંચાલન :

મુસાફરીને સુરક્ષિત બનાવવાના હેતુથી સિટિલિંકના સિસ્ટમ ઓપરેટરને મેડિકલ ચેક-અપ,સિમ્યુલેટર અને પ્રેક્ટિકલ ટ્રેનિંગથી નિષ્ણાંત બનાવવાની નિયમિત ટ્રેનિંગ આપવામાં આવે છે. આ સિસ્ટમ ઓપરેટરને નિયત સમય મર્યાદામાં બસ ને નિયત સ્થળે યોગ્ય રીતે પહોંચાડવા માટે તથા દરેક સ્ટેશન પર વ્યવસ્થિત રીતે ઉભી રાખવા માટે પણ વિશિષ્ટ ટ્રેનિંગ આપવામાં આવેલ છે.

(૪) બસ શેલ્ટર :

સિટિલિંક બસ શેલ્ટર સુરક્ષિત અને સુવિધાજનક છે. બસ શેલ્ટરમાં બેસવા માટે જરૂરી વ્યવસ્થા કરેલ છે. સુરક્ષા માટે સિક્યોરીટી ગાર્ડ હાજર રહે છે. આ ઉપરાંત પબ્લિક ઇન્ફર્મેશન સિસ્ટમ દ્વારા કેટલા સમયમાં બસ મળશે તે માટેની માહિતી લાઈવ એલ. ઇ. ડી. પર મળે છે. બસ શેલ્ટરમાં બસમાં જવા આવવા માટે ઓટોમેટેડ ડોરની તથા સ્માર્ટ કાર્ડ માટે ટર્નસ્ટાઇલ અને ફલેપ બેરિયરની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બસ શેલ્ટરની ડિઝાઇન પણ હવા ઉજાસવાળી અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બનાવેલ છે. બસ શેલ્ટર થી બસમાં પેસેન્જરને ચડવા ઉતરવાની કોઈજ તકલીફ ન પડે તેનુ સંપૂણ ધ્યાન રાખવામાં આવેલ છે તેમજ દિવ્યાંગ લોકોને સરળ રહે તે પ્રકારની સુવિધાનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવેલ છે.

૫) ઈન્ફર્મેશન ટેક્નોલોજી સિસ્ટમઃ

સમગ્ર બસને જી.પી.એસ. સિસ્ટમ દ્વારા આવરી લેવામાં આવેલ છે. જેના લીધે સેન્ટ્રલ કન્ટ્રોલ સેન્ટર દ્વારા બસની સ્પીડ, બંચીંગ, બ્રેક ડાઉન તથા ઈમરજન્સી જરૂરીયાતોનું નિયંત્રણ થઈ શકે છે. સિસ્ટમ ઓપરેટર નિયત ઝડપથી બસ ઓપરેટ કરી રહેલ છે કે નહિ તેનું નિયંત્રણ પણ કરવામાં આવે છે. દરેક બસમાં નિર્ધારિત સમયમાં આવનાર બસ શેલ્ટરની વોઇસ મેસેજ અને એલ.ઈ.ડી. ડિસ્પ્લે મેસેજ ત્રણ ભાષામાં થી જાણ કરવામાં આવે છે.

૬) સીસીટીવી કેમેરાઃ

તારીખ ૨૪-૦૬-૨૦૧૭ થી બીઆરટીએસના ૧૭૮ સ્ટેશનો બસ ડેપો તેમજ ટર્મિનલ પર બસ ડેપો ટર્મિનલ પર સીસીટીવી કેમેરા ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેનું કંટ્રોલ સેન્ટર ખાતે સતત મોનીટરીંગ કરવામાં આવે છે. જેનાથી મુસાફરોની સુવિધા અને સુરક્ષામાં ઘણો જ વધારો થયો થયેલ છે. વધુમાં, સીસીટીવી કેમેરાઓનો પોલીસ ડીપાર્ટમેન્ટ દ્વારા પણ બહોળો ઉપયોગ કરવામાં આવે છે

(૭) નવી આઇટીએમએસ સર્વિસ પ્રોવાઈડરઃ

સુરત મહાનગર પાલિકાના સ્માર્ટ સીટી પ્રોગ્રામ અંતર્ગત INTEGRATED TRANSIT MANAGEMENT SYSTEM (ITMS) અને (AFCS)Automatic Fare Collection System હેઠળ વિવિધ ઉપકરણો જેવા કે સ્ટેશન PIS Bus PIS, ICU, VDS, GPS તેમજ Automatic Turnstaile Station ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.જેટલા નગરજનો મુસાફરી કરી શહેરનો ટ્રાફિક,પ્રદુશણ,અકસ્માત ઘટાડવા આડકતરી રીતે મદદરૂપ થાય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની બસ, બસ સ્ટેન્ડ, પેસેન્જર ઇન્ફોર્મેશન સિસ્ટમ,ઓટોમેટિક વ્હીકલ લોકેશન સિસ્ટમ જેવી આધુનિક સગવડો દ્વારા મુસાફરોને પોષય તેવા મિનિમમ ભાડા ફક્ત રૂ.૫/- જેવા નજીવા ટિકિટ દર હોવા છતા સિટિલિંક દ્વારા દૈનિક અંદાજીત રૂ. ૨૬.૦૦ લાખ જેટલી આવક થાય છે.આમ, બીઆરટીએસ શહેરના ગરીબ, મધ્યમ તેમજ આર્થિક રીતે સધ્ધર તમામ વર્ગો માટે મુસાફરી માટે ઉત્તમ તમામ વર્ગો માટે મુસાફરી માટે ઉત્તમ માધ્યમ બની ગયેલ છે.

(૮) ઓપ્ટીકલ ફાયબર નેટવર્કઃ

સુરત સિટિલિંક લી. દ્વારા સ્ટલાઈટ ટેકનોલોજીસને કુલ ૧૭૨ કિમી માં ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક નાખવાનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેથી તમામ બીઆરટીએસ નેટવર્ક, એએમટીએસ ટર્મિનલ, એએમસીની તમામ ઝોનલ અને મુખ્ય ઓફિસ, એએમસી કંટ્રોલ રૂમ, પોલીસ કંટ્રોલ રૂમ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર નેટવર્કથી તમામ એએમસીની સર્વિસીસને એક કોમ્યુનિકેશન નેટવર્ક થી જોડી શકાશે

(૯) સ્માર્ટ કાર્ડ તથા ટિકિટ સિસ્ટમ:

સુરત સિટિલિંક લી. દ્વારા ચાર પ્રકારના NPCI માન્ય ICICI સુરત મનીકાર્ડ સ્માર્ટકાર્ડ તા. ૧૬-૧૦-૨૦૧૭થી શરૂ કરવામાં આવેલ છે. તેમજ પેપરલેસ, સમયનો બચાવ સાથે મુસાફરી કરી શકે છે તથા કેટેગરી પ્રમાણે ડિસ્કાઉન્ટનો લાભ સુરત મનીકાર્ડ દ્વારા લઇ શકે છે.

(૧) સિટિલિંક કાર્ડ જે નિયમિત મુસાફરી કરતા મુસાફરો માટે જેમાં ૧૦% બોનસ આપવામાં આવે છે.
(૨) સ્ટુડન્ટ સ્માર્ટકાર્ડ જેમાં વિધાર્થીઓને ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.
(3) શારીરીક વિકલાંગતા ધરાવતા નાગરીકોના સ્માર્ટકાર્ડમાં ૧૦૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.
(૪) દિવ્યાંગ વ્યક્તિને સિટિલિંક સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.
(૫) સ્વાતંત્ર્ય સેનાનીને સિટિલિંક ના ફ્રીડમફાઈટર ના સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.
(૬) ૬૦ કે તેથી વધુ વર્ષની ઉંમર ધરાવતા વરિષ્ઠ નાગરિકોને સ્માર્ટકાર્ડમાં ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

| સરલ પાસ | | | | |
|---|---|---|---|---|
| કેટેગરી | વાર્ષિક ફી (રૂા.) | છ માસિક ફી (રૂા.) | ત્રીમાસિક ફી (રૂા.) | માસિક ફી (રૂા.) |
| વિદ્યાર્થી | ૧૦૦૦ | ૫૦૦ | ૩૦૦ | N/A |
| મહિલાઓ | ૫૦૦૦ | ૨૬૦૦ | ૧૩૫૦ | ૫૦૦ |
| સિનિયર સીટીઝન | ૧૦૦૦ | ૫૦૦ | ૩૦૦ | N/A |
| શ્રમિક / ઇન્સ્ટીટયુશનલ / અન્ય | ૭૦૦૦ | ૩૬૦૦ | ૧૯૦૦ | ૭૦૦ |

(૧૦) પે-ટીએમ ટીકીટ:

બસ મુસાફરોને ઝડપી અને કોન્ટેકટલેસ ટીકીટીંગ સુવિધા માટે વર્ષ ૨૦૨૧ થી પે-ટીએમથી ટીકીટ (ઓનલાઇન) સુવિધા શરૂ કરવામાં આવી છે.

(૧૧) તમામ જનતા માટે આવકાર:

- સુરત શહેર દ્વારા જાહેર પરિવહન સેવાની માહિતી જાહેર જનતા ને મળી રહે તે માટે Google સાથે GTFS(General Transit Feed Specification) નું ઇન્ટીગ્રેશન કરવામાં આવેલ છે. જેમાં સુરત શહેર ભારતનું માત્ર બીજું શહેર છે.
- બસ સ્ટેશન અને બસોમાં પબ્લિક ઇન્ફોર્મેશન માટે PIS (પસેન્જર ઇન્ફોર્મેશન સીસ્ટમ) મુકવામાં આવેલ છે. તમામ બસોમાં GPS ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે અને કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમમાંથી મોનીટરીંગ અને સંચાલન કરવામાં આવે છે.
- સુરત મહાનગરપાલિકા દ્વારા બસ સેવામાં વર્ષ ૨૦૧૪ થી આજદિન સુધી લઘુતમ ભાડું રૂપિયા ૪.૦૦ અને મહતમ ભાડું ૨૨ રાખવામાં આવેલ છે.
- દરરોજ ૨.૫૦ લાખથી વધુ મુસાફરો મુસાફરી કરી રહેલ છે. સુરત શહેરમાં મુસાફરી કરતા ૫૦% થી વધુ લોકો બસ સેવામાં ઇન્ટરચેન્જ નો ઉપયોગ કરતા હોવાનું જણાયેલ છે.
- ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ અર્બન અફેર્સ, સ્માર્ટ સીટીરૂટ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા યુનાઇટેડ નેશન્સ તરફથી વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૨૧ દરમ્યાન સુરત મહાનગરપાલિકાને પબ્લિક ટ્રાન્સપોર્ટની વિવિધ કેટેગરીમાં ૧૪ જેટલા એવોડર્સ પ્રાપ્ત થયા છે.
- સુરત મહાનગરપાલિકા દ્વારા કોવીડ-૧૯ની દરમ્યાન બસને એમ્બ્યુલન્સ, ટેસ્ટીંગ વાન, ધનવંતરી રથ, સંજીવની રથ, શ્રમિકોના પરિવહન જેવી સેવાઓમાં ઉપયોગ માટે લેવામાં આવેલ. જે માટે ભારત સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૨૦ દરમ્યાન ઇનોવેશન ઇન અર્બન ટ્રાન્સપોર્ટ માટે ખાસ એવોર્ડ થી પણ સન્માનિત કરવામાં આવેલ.
- મુસાફરોને બસ સેવામાં રાહત
    - સુમન પ્રવાસ ટીકીટ- રૂ.૨૫/- માં દિવસ દરમ્યાન અનલિમિટેડ મુસાફરી(દરરોજ ૩૨,૦૦૦ થી વધુ મુસાફરો લાભ મેળવે છે.)

- વિધાર્થીને ૪૦% દિવ્યાંગ,અંધજન, સ્વાતત્ર્ય સેનાની અને બાંધકામ શ્રમિકોને ૧૦૦%, સિનયર સીટીઝન અને મહિલાને ૨૫% ડિસ્કાઉન્ટ
- સરલ પાસ દ્વારા અનલિમિટેડ મુસાફરી -

# સુરત સિટિલિંક લિ.

**૨. અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજોઃ-**

- સુરત સિટિલિંક લી. દ્વારા બીઆરટીએસ રૂટ ઉપર મુકવામાં આવેલ બસોના શીડયુઅલ નક્કી કરવાની કામગીરી, જુદા જુદા રૂટના ભાડા નક્કી કરવાની કામગીરી કરવામાં આવે છે.
- મહે.ચેરમેનશ્રી, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી તથા જનરલ મેનેજરશ્રી દ્વારા આપવામાં આવતી મંજુરીના ઠરાવ પાડવાની કામગીરી કરવામાં આવે છે.
- મહે. ચેરમેનશ્રી,મેનેજિંગ ડાયરેક્ટરશ્રી, જનરલ મેનેજરશ્રી તથા ડે.જનરલ મેનેજર (એડમીન એન્ડ ફાઈનાન્સ) અને શ્રી ડે.જનરલ મેનેજર (ઓપરેશન)શ્રીને સંબોધીને આવતા પત્રો, ફાઈલો ઈનવર્ડ તથા આઉટવર્ડની કામગીરી સુરત સિટિલિંક લી. ની વહીવટી ઓફિસેથી કરવામાં આવે છે.
- જાહેર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ વહીવટી શાખા ખાતે આવતી અરજી / અપીલ તેમજ જનરલ મેનેજરશ્રી ને સુરત સિટિલિંક લી. ખાતાની ત્રિમાસીક માહિતી સંકલન માટે મોકલવામાં આવે છે.
- બસ ઓપરેશનલ અંગેની કામગીરી, તમામ સ્ટેશન ઉપરની તમામ પ્રકારની સફાઈ કામગીરી, આઈ.ટી.એમ.એસ.ને લગતી કામગીરી, બસ સ્ટેશન અને રૂટનું ઇલેકટ્રીકલ વર્ક, બીઆરટીએસ બસોનો ઓટોમેટીક ડોરને લગતી કામગીરી કરાવવામાં આવે છે.
- સુરત સિટિલિંક લી. દ્વારા વાર્ષિક જાળવણી કરાર (SMC) ટેન્ડર, હાઉસ કીપીંગ, ફેર કલેકશન ટેન્ડર, ઓફર પ્રસિધ્ધ કરવાની કામગીરી કરવામાં આવે છે. કોન્ટ્રાકટર દ્વારા ટેન્ડર સમયે લેવામાં આવતી ટેન્ડર ફી, અર્નેસ્ટમનીની રકમ લેવાની તથા કામ પૂર્ણ થયેથી અર્નેસ્ટમનીની રકમ પરત આપવાની કામગીરી કરવામાં આવે છે.
- સુરત સિટિલિંક લી. દ્વારા જુદી જુદી સંસ્થાઓને આપેલ વર્ક ઓર્ડર મુજબ તેઓએ કરેલ કામગીરી માટેના બીલો બનાવીને સક્ષમ સત્તાની મંજુરી મેળવીને પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે.

# સુરત સિટિલિંક લિ.

## ૩. નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ

- વહીવટી દરખાસ્ત અંગે નિર્ણય લેવા માટે અસ્તિત્વમાં પાવર ડેલીગેશનના અમલમાં રહેલા નિયમો અંતર્ગત જરૂરી નિર્ણય લેવા માટે સંબધીત જુનીયર સીનીયર કલાર્ક દ્વારા નોંધ હેડકલાર્ક/આસી. મેનેજર/ડેપો મેનેજર તરફથી ડે.જનરલ મેનેજર(એડમીન એન્ડ ફાઈનાન્સ) તરફથી જનરલ મેનેજર છેવટે વિભાગના એકઝીક્યુટીવ ડાયરેકટરશ્રી મારફતે ચેરમેનશ્રી તરફ નિર્ણય માટે અભિપ્રાય સહ નોંધ મુકે છે અને ચેરમેનરશ્રી દ્વારા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા જરૂરી નિર્ણય ઠરાવવામાં આવે છે. જેનો અમલ કરવામાં આવે છે.

**(૪) અને (૫) કાર્યો બજાવવા નકકી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, સંગ્રહો અને રેકર્ડ:**

- ભારતીય કંપની એકટ-૧૯૫૬ અને વખવતો વખત સુધારાઓ
- કંપનીનું મેમોરેન્ડ ઓફ આર્ટીકલ એન્ડ એસોસીએશન
- બોર્ડ ઓફ ડિરેક્ટર્સ મીટીગમાં લેવાયેલા ઠરાવો નિર્ણયો
- આ ઉપરાંત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઠરાવવામાં આવતા નિયમો, સર્ક્યુલર, ઓફિસ ઓર્ડર મુજબ કામગીરી કરવાની રહે છે.
- જનરલ મેનેજરશ્રી, એકઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી, ચેરમેનશ્રીને મળેલ પાવર ડેલીગેશન અને સત્તા મુજબ કામગીરી કરવાની રહે છે.
- વહીવટી તથા કાયદાકીય બાબતોમાં જરૂર પડે ત્યારે એકાઉન્ટ ખાતા તથા લીગલ ખાતાનો અભિપ્રાય મેળવવાનો રહે છે.

# સુરત સિટિલિંક લિ.

૬. સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક

- કંપની સ્થાપનાના દસ્તાવેજો
- બોર્ડ મીટીંગ્સની ફાઇલો
- રીક્રુટમેન્ટની ફાઇલો
- ટેન્ડર અને અન્ય મંજુરીઓની ફાઈલો
- બિલો અને મંજુરીઓ
- એસેટ રજિસ્ટર
- કન્ટીજન્સી રજિસ્ટર
- ડેડ સ્ટોક રજિસ્ટર
- આ ઉપરાંત ટેલી સોફ્ટવેર આધારિત આવક/ખર્ચ, બેલેન્સશીટ વગેરે ડિજીટલ રેકર્ડ

# સુરત સિટિલિંક લિ.

## ૭. નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં જનતાના સભ્યો સાથે પરામર્શ

સામાન્ય રીતે જનતા/નાગરિકો પેસેન્જરની કોઇ ફરિયાદ હોય તો તેઓ મૌખિક અથવા લેખિત રજુઆત નીચેના માધ્યમો દ્વારા કરી શકે છે. તેમજ અધિકારીશ્રીઓ દ્વારા ફરીયાદનો નિકાલ બંને પક્ષોની રજુઆતને ધ્યાનમાં લઇને કરે છે.

- ➢ સુરત મહાનગરપાલિકાના કમ્પલેન પોર્ટલ
- ➢ ઇમેલ/વ્હોટસઅપ
- ➢ ટોલ ફ્રી ટેલિફોન નંબર
- ➢ આ ઉપરાંત ચૂંટાયેલી પાંખના પ્રતિનિધિઓ દ્વારા પણ પ્રજા તરફથી કોઇ તકલીફ હોય તો ઉચ્ચ અધિકારીશ્રીને રજુઆત કરતા તેમની ફરિયાદનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે છે.

# સુરત સિટિલિંક લિ.

૮. વ્યવસ્થાના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબત

- કંપની એકટ મુજબ દર ત્રણ માસે મળતી બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગમાં નીતિ વિષયક નિર્ણયો લેવામાંઆવે છે.
- ઉપરોકત મીટીંગ બોર્ડ સભ્ય જ ભાગ લઇ શકે છે.

# સુરત સિટિલિંક લિ.

૯ અને ૧૦ અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તીક અને તેમને વિનયમોમાં જોગવાઇ કર્યા પ્રમાણે મળતું માસિક વળતર

| અ.નં. | અધિકારીશ્રી/કર્મચારીશ્રીનું નામ | હોદો | એમ્પલોઈ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી પ્રવિણ આર. પ્રસાદ | જનરલ મેનેજર | ૩૪૯૩૫ |
| ૨. | શ્રી જલ્પન કે. મહેતા | આસી.મેનેજર (ઇલે.) | ૯૮૨૨૭ |
| ૩. | શ્રી નિલેશ આર.પટેલ | આસી.મેનેજર(ઓપરેશન) | ૧૦૦૯૨૮૯ |
| ૪. | શ્રી ચૈતલ પ્રજાપતિ | આસી.મેનેજર (ઓપરેશન) | ૧૦૦૦૪૬૧ |
| ૫. | શ્રી ગુલામ એન.મલેક | આસી.મેનેજર (કંટ્રોલ સેન્ટર) | ૧૦૦૧૦૯૨ |
| ૬. | શ્રી કુમાર બ્રમભટ્ટ | આસી.મેનેજર (કંટ્રોલ સેન્ટર) | ૧૦૦૧૦૨૭ |
| ૭. | શ્રી ધ્વનિ પટેલ | ડેપો મેનેજર | ૧૦૦૯૨૯૦ |
| ૮. | શ્રી રોનક દેસાઈ | ડેપો મેનેજર | ૧૦૦૯૨૯૧ |
| ૯. | શ્રી ભાવિક પંડ્યા | ડેપો મેનેજર | ૧૦૦૭૩૪૧ |
| ૧૦. | શ્રી મિતુલસિંગ દેસાઈ | ડેપો મેનેજર | ૧૦૦૦૪૬૨ |
| ૧૧. | શ્રી મનિષ એસ. પટેલ | ઓફિસ/રુટ સુપરવાઇઝર | ૧૦૦૭૩૪૪ |
| ૧૨. | શ્રી યોગેશ પટેલ | ઓફિસ/રુટ સુપરવાઇઝર | ૧૦૦૭૩૪૧ |
| ૧૩. | શ્રી સૂરજ જે. પટેલ | ઓફિસ/રુટ સુપરવાઇઝર | ૧૦૦૭૩૩૯ |
| ૧૪. | શ્રી પ્રતિક એન. પટેલ | મેઇન્ટેનન્સ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૨ |
| ૧૫. | શ્રી હાર્દિક એ. પટેલ | મેઇન્ટેનન્સ આસિસ્ટન્ટ | ૧૦૦૬૪૩૪ |
| ૧૬. | શ્રી ભાવિન એમ. પટેલ | મેઇન્ટેનન્સ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૩ |
| ૧૭. | શ્રીમતી શ્રુતિ સોલંકી | મેઇન્ટેનન્સ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૪ |
| ૧૮. | શ્રી કુણાલ પી. પટેલ | મેઇન્ટેનન્સ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૫ |
| ૧૯. | શ્રી નિલેશ એમ. સેલર | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૬ |
| ૨૦. | શ્રી ધવલ જી પટેલ | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૭ |
| ૨૧. | શ્રી યશ જે. પટેલ | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૮ |
| ૨૨. | શ્રી જેનિશ આર. રાણા | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૨૯૯ |
| ૨૩. | શ્રી જોન્ટી જે પટેલ | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૩૦૦ |
| ૨૪. | શ્રી અજય કે. વોરા | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૩૦૧ |
| ૨૫. | શ્રી પંકજ એ.પટેલ | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૩૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૬. | શ્રી તુપલ બી. પંચાલ | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૩૦૪ |
| ૨૭. | શ્રી જીગર આર. પટેલ | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૩૦૬ |
| ૨૮. | શ્રી પ્રફુલ એન પટેલ | રૂટ આસિસ્ટન્ટ | ૧૦૦૯૩૦૫ |

# સુરત સિટિલિંક લિ.

## ૧૧. વ્યવસ્થાતંત્રને ફાળવેલ અંદાજપત્ર

- સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે સુરક્ષિત લોન ફાળવવામાં આવે છે. ચાલુ વર્ષ: ૨૦૨૩-૨૪ માં સુરત સિટિલિંક લિ.ને રૂ. ૧૪૫.૦૦ કરોડ બજેટમાં ફાળવવામાં આવેલ છે

# સુરત સિટિલિંક લિ.

## ૧૨ અને ૧૩. આર્થિક સહાય બાબત છુટછાટો, પરવાનગીઓની વિગતો

(૧) સિટિલિંક કાર્ડ જે નિયમિત મુસાફરી કરતા મુસાફરો માટે જેમાં ૧૦% બોનસ આપવામાં આવે છે.
(૨) સ્ટુડન્ટ સ્માર્ટકાર્ડ જેમાં વિધાર્થીઓને ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.
(૩) શારીરીક વિકલાંગતા ધરાવતા નાગરીકોના સ્માર્ટકાર્ડમાં ૧૦૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.
(૪) દિવ્યાંગ વ્યક્તિને સિટિલિંક સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.
(૫) સ્વાતંત્ર્ય સેનાનીને સિટિલિંક ના ફ્રીડમફાઈટર ના સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.
(૬) ૬૦ કે તેથી વધુ વર્ષની ઉંમર ધરાવતા વરિષ્ઠ નાગરિકોને સ્માર્ટકાર્ડમાં ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

સિટિલિંકની બસમાં હેન્ડીકેપ વ્યકિત પોતાની વ્હીલચેર સાથે સરળતાથી પ્રવેશ અને મુસાફરી કરી શકે છે. અંધજન પણ કોઇની સહાય વગર ટ્રેક લીનીયર અને ટ્રેક બટન ટાઇલ્સ વડે પોતાના માર્ગ સુધી અને સ્ટેશન સુધી પહોંચી શકે છે. બાળકો અને વૃધ્ધો શેલ્ટરમાંથી બસમાં સરળતાથી પ્રવેશ કરી શકે છે.

## ૧૪ અને ૧૫. ઈલેકટ્રોનિક સ્વરૂપે માહિતી, ગ્રંથાલય, વાંચનાલય

- ઉપરોકત તમામ માહિતી નીચે જણાવેલ વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે અને તે ડાઉનલોડ કરી શકાશે તથા પ્રિન્ટ પણ મેળવી શકાય છે.
  www.suratsitilink.org
- સુરત સિટિલિંક લી.માં વાંચનાલય, ગ્રંથાલયની સગવડ પ્રજા માટે ઉપલબ્ધ નથી.

# સુરત સિટિલિંક લિ.

## > ૧૬.અપીલ અધિકારી/ જાહેર માહિતી અધિકારશ્રીની વિગતો

| અ.નં | નામ/હોદ્દો | | મોબાઇલ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રવિણ આર. પ્રસાદ | અપીલ અધિકારી | ૯૭૨૭૪૩૪૫૪૯૩ |
| ૨ | શ્રી કેતન આર. રાણા | જાહેર માહિતી અધિકારી | ૯૯૦૯૯૩૧૧૦૦૧ |

# સુરત સિટિલિંક લિ.

<u>૧૭.માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો</u>

- મહત્વની નિતીઓ ઘડતી વખતે તમામ વ્યક્તિને અસર કરતા નિર્ણયો કરતી વખતે સંબંધિત તમામ હકીકતો બોર્ડ મીટીંગમાં આગળ નિર્ણય લઈ અને અખબારમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

# સુરત સિટિલિંક લિ.

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, વર્ષ : ૨૦૨૪ -૨૦૨૫ દરમ્યાન મારા વહીવટી કાર્યક્ષેત્ર હેઠળની આ સાથેની યાદી મુજબના અધિનિયમની કલમ :૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો "પ્રોએક્ટીવ ડિસ્ક્લોઝર" (PAD) તૈયાર કરવામાં આવી છે. તેનું અમારા દ્વારા ઇન્સ્પેક્શન-કમ-ઓડિટ કરવામાં આવ્યું છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી તેની પૂર્તતા કરવામાં આવી છે.

જનરલ મેનેજર (એ એન્ડ ઓ)
સુરત સિટિલિંક લિ.

તારીખ:૦૨-૦૬-૨૦૨૫
મુખ્ય મથક :સુરત